# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-03-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું- પ્રયાગરાજ મહાકુંભમાં વિવિધતામાં એકતાની ભાવનાના દર્શન થયા.

2) કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, કેન્દ્ર સરકાર મણિપુરમાં શાંતિ અને સમૃદ્ધિ લાવવા માટે પ્રતિબદ્ધ છે.

3) ભારતીય રેલવેએ છેલ્લા દસ વર્ષમાં પાંચ લાખ લોકોને રોજગારી પૂરી પાડી.

4) મતદાર ઓળખ કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરવાનો કેન્દ્રીય ચૂંટણી પંચનો નિર્ણય.

5) ગાઝા પર રાત્રે થયેલા ઇઝરાયલી હવાઈ હુમલામાં મૃત્યુઆંક 400ને પાર થયો.

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE. LS-PM MAHAKUMBH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, પ્રયાગરાજ મહાકુંભમાં વિવિધતામાં એકતાની ભાવનાના દર્શન થયા. લોકસભામાં મહાકુંભ પર નિવેદન આપતા શ્રી મોદીએ કહ્યું, મહાકુંભ એ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે જાગૃત રાષ્ટ્રની ભાવનાને રજૂ કરે છે. શ્રદ્ધા અને વારસા સાથે જોડાવાની ભાવના આજના ભારતની સૌથી મોટી સંપત્તિ છે. તેમણે નોંધ્યું કે, મહાકુંભ ભારતની ભવ્યતા વિશ્વ સમક્ષ રજૂ કરે છે. તેમણે જણાવ્યું કે, જ્યારે સમગ્ર વિશ્વ પડકારજનક સમયમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે આ એકતાનું ભવ્ય પ્રદર્શન દેશની સૌથી મોટી તાકાત છે.

# EVE. RS-DEMAND OF GRANTS

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, કેન્દ્ર સરકાર મણિપુરમાં શાંતિ અને સમૃદ્ધિ લાવવા માટે પ્રતિબદ્ધ છે.

શ્રીમતી સીતારમણે આજે રાજ્યસભામાં વિનિયોગ ખરડો, 2025, વિનિયોગ ક્રમ નં. 2 ખરડો 2025, મણિપુર વિનિયોગ લેખાનુદાન ખરડો, 2025 અને મણિપુર વિનિયોગ ખરડો, 2025 પર ચર્ચાનો જવાબ આપતાં આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, સરકાર મણિપુર પ્રત્યે વધુ સંવેદનશીલતા અને કાળજી રાખે છે. તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિ ઇચ્છે છે કે, રાજ્ય અન્ય રાજ્યોની જેમ વિકાસ પામે.

તેમણે જણાવ્યું કે, મોટાભાગના રાજ્યો પાસે આકસ્મિક ભંડોળ હોય છે જેનો ઉપયોગ તેઓ કટોકટીની સ્થિતિમાં કરે છે. પરંતુ મણિપુર પાસે ક્યારેય આવું કોઈ ભંડોળ નહોતું. તેથી સરકારે 500 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. તેમણે કહ્યું કે, મણિપુરમાં હિંસાને કારણે તેની આર્થિક પ્રવૃત્તિઓ પર ખરાબ અસર પડી છે, પરંતુ

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, મણિપુર ખૂબ ઝડપથી જ જલ્દી તેમાંથી બહાર નીકળી જશે.

## RS - HEALTH DISCUSSION

રાજ્યસભામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના કામકાજ પર ચર્ચા હાથ ધરાઇ હતી. ચર્ચા શરૂ કરતા, દ્રવિડ મૂનેત્ર કઝગમ-DMKના સાંસદ તિરુચી શિવાએ કહ્યું કે, સરકારે જાહેર આરોગ્યમાં દ્રષ્ટિ અને પ્રતિબદ્ધતા બંને રીતે રોકાણ કરવું જોઈએ. તેમણે કહ્યું કે, આરોગ્ય ક્ષેત્ર માટે બજેટ ફાળવણી જે 2017-18માં કુલ બજેટના 2.5 ટકા હતી, તે હવે ઘટીને 1.9 ટકા થઈ ગઈ છે.

તેમણે કહ્યું કે, સરકારે દેશના ગરીબ અને મધ્યમ વર્ગની આરોગ્ય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે આરોગ્ય ક્ષેત્રને વધુ ભંડોળ ફાળવવું જોઈએ. ભાજપના ડૉ. ભાગવત કરાડે જણાવ્યું કે, ભારતીયોની સરેરાશ ઉંમર જે 1951માં 37.2 વર્ષ હતી, તે 2014માં વધીને 67 વર્ષ થઈ ગઈ અને 2014 થી 2024 સુધીમાં તે વધીને 70.7 વર્ષ થઈ ગઈ. તેમણે એ પણ માહિતી આપી કે, છેલ્લા દસ વર્ષમાં, બાળ મૃત્યુ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

## LS AI - MoU

લોકસભા અને ભારત એઆઈ મિશન દ્વારા આજે નવી દિલ્હીમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને કેન્દ્રીય માહિતી અને ટેકનોલોજી આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવની હાજરીમાં એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા. મીડિયા સાથે વાત કરતા, શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, એઆઈ કોશ નામનો ડેટા સેટ બનાવાશે, જે લોકસભામાં થતી ચર્ચાઓનું કોઈપણ ભાષામાં ભાષાંતર કરી શકશે.

**(બાઇટ: અશ્વિની વૈષ્ણવ)**

# LS - RAILWAYS DISCUSSION

ભારતીય રેલવેએ છેલ્લા દસ વર્ષમાં પાંચ લાખ લોકોને રોજગારી પૂરી પાડી છે અને એક લાખથી વધુ નોકરીઓ માટે ભરતી પ્રક્રિયા ચાલી રહી છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ભારતીય રેલવે સારી નાણાકીય સ્થિતિમાં છે અને સરકાર તેને વધુ સુધારવા માટે કામ કરી રહી છે. શ્રી વૈષ્ણવે લોકસભામાં રેલવે મંત્રાલયના કામકાજ અંગે ચર્ચાનો જવાબ આપતાં આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દેશમાં વર્ષ 2020થી મુસાફરોના ભાડામાં વધારો કરાયો નથી અને તે અન્ય દેશોની સરખામણીમાં ખૂબ જ સસ્તું છે. મંત્રીએ ઉમેર્યું કે, સરકારે દેશમાં રેલવે અકસ્માતો ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, ભારત રેલવેનો મોટો નિકાસકાર બની ગયું છે. તેમણે કહ્યું, ભારત ઓસ્ટ્રેલિયામાં મેટ્રો કોચ, બ્રિટન, સાઉદી અરેબિયા અને ફ્રાન્સમાં રેલવે કોચની નિકાસ કરી રહ્યું છે. શ્રી વૈષ્ણવે કહ્યું, લોકોમોટિવ અને એન્જિનનું ઉત્પાદન એક હજાર ચારસો સુધી પહોંચી ગયું છે.

# EVE. CEC MEET-VOTER ID AADHAAR

કેન્દ્રીય ચૂંટણી પંચે નિર્ણય લીધો કે, મતદાર ઓળખ કાર્ડને આધાર સાથે લિંક કરવાનું બંધારણના અનુચ્છેદ 326 અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950 ની વિવિધ કલમો તેમજ સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અનુસાર કરાશે.

આ નિર્ણય મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા આજે નવી દિલ્હીમાં ગૃહ મંત્રાલય, કાયદા વિભાગ અને UIDAI ના મુખ્ય વહીવટી અધિકારી સાથે યોજાયેલી બેઠક દરમિયાન લેવાયો હતો. એક નિવેદનમાં, ચૂંટણી પંચે ઉલ્લેખ કર્યો

કે, યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા-UIDAI અને ચૂંટણી પંચના ટેકનિકલ નિષ્ણાતો વચ્ચે ચર્ચા ટૂંક સમયમાં શરૂ કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PM-SUNITA WILLIAMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાસા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સને સલામત વાપસીની શુભેચ્છા પાઠવી છે.

અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર અવકાશથી ઘરે પાછા ફરવા જઈ રહ્યા છે, અને શરૂઆતમાં એક અઠવાડિયાના મિશન માટે અવકાશમાં ગયા પછી  આશરે નવ મહિના સુધી આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં ફસાયેલા રહ્યા પછી આવતીકાલે પૃથ્વી પર પાછા ફરવાના છે. તેમના પત્રમાં, શ્રી મોદીએ વિલિયમ્સને અવકાશથી પાછા ફર્યા પછી ભારતની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું.

શ્રી મોદી દ્વારા લખાયેલો આ પત્ર કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યો હતો.

# POLAND-PM MODI

પોલેન્ડના નાયબ વિદેશ મંત્રી અને રાજ્ય સચિવ, વ્લાદિસ્લાવ ટીઓફિલ બાર્ટોસ્ઝેવસ્કીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયા-યુક્રેન સંઘર્ષમાં વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ ન કરવા માટે રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનને સમજાવવામાં ભૂમિકા ભજવી હતી. મીડિયા સાથે વાત કરતા, શ્રી બાર્ટોસ્ઝેવસ્કીએ પ્રધાનમંત્રી મોદીના પ્રયાસોનો સ્વીકાર કર્યો, વૈશ્વિક શાંતિ પ્રયાસોમાં મુખ્ય મધ્યસ્થી તરીકે ભારતની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

શ્રી બાર્ટોઝેવસ્કીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે, રશિયા સાથે ભારતના સંબંધો સતત વિકાસ પામી રહ્યા છે, રાષ્ટ્રપ્રમુખ પુતિને તેને ખાસ વિશેષાધિકારપૂર્ણ ગણાવ્યું. તેમણે યુદ્ધ દરમિયાન પ્રધાનમંત્રી મોદીની યુક્રેનની મુલાકાતને યાદ કરતા કહ્યું કે, આ મુલાકાતે ભારતના તટસ્થ વલણ અને શાંતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી.

## PM-GERMAN SINGER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જર્મન ગાયિકા કૈસમીની પ્રશંસા કરી હતી, જેમણે વૈશ્વિક મંચ પર ભારતીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું હતું.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ ભાર મૂક્યો કે, કૈસમી જેવા લોકોએ સાંસ્કૃતિક આદાનપ્રદાનને જોડવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું, કૈસમી એ તેમના સમર્પિત પ્રયાસો દ્વારા ભારતના વારસાની સમૃદ્ધિ, અને વિવિધતા દર્શાવવામાં મદદ કરી છે.

## ISRAEL-AIRSTRIKES

ગાઝા પર રાત્રે થયેલા ઇઝરાયલી હવાઈ હુમલામાં મૃત્યુઆંક 400ને પાર થયો છે. સશસ્ત્ર જૂથ હમાસ દ્વારા સંચાલિત પેલેસ્ટિનિયન આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે, હવાઈ હુમલામાં 500થી વધુ લોકો ઘાયલ થયા છે, જેનાથી બે મહિનાના યુદ્ધવિરામઓ સંપૂર્ણ ભંગ થવાનો ભય છે.

ઇઝરાયલી સૈન્યએ કહ્યું કે, યુદ્ધવિરામ લંબાવવાની વાટાઘાટો નિષ્ફળ ગયા પછી તે વ્યાપક હુમલાઓ કરી રહ્યું છે. 19 જાન્યુઆરીએ ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ શરૂ થયા પછી આ સૌથી મોટો હુમલો છે. પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે હમાસ પર વારંવાર તેના બંધકોને મુક્ત કરવાનો ઇનકાર કરવાનો અને યુદ્ધવિરામ લંબાવવાના પ્રસ્તાવોને નકારવાનો આરોપ મૂક્યો હતો.

# GOYAL- PM NEW ZEALAND

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરારની વાટાઘાટો બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવશે.

શ્રી ગોયલે નવી દિલ્હીમાં ભારત-ન્યુઝીલેન્ડ આર્થિક મંચને સંબોધતા જણાવ્યું હતું. જો બંને દેશો પૂરક અર્થતંત્રોની ભાવનાથી કામ કરશે તો આગામી દસ વર્ષમાં દસ ગણો વિકાસ હાંસલ કરી શકશે. મીડિયા સાથે વાત કરતા શ્રી ગોયલે કહ્યું કે, બંને દેશોના પ્રધાનમંત્રી ભારત-ન્યુઝીલેન્ડ સંબંધોને મજબૂત બનાવવા માટે મહત્વાકાંક્ષી છે. તેમણે ઉમેર્યું કે, બંને દેશ યુવાનોને તેમની શક્તિઓનો ઉપયોગ કરવા માટે તકો પૂરી પાડી રહ્યા છે.

# NADDA- PM NEW ZELAND

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે નવી દિલ્હીમાં ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે મુલાકાત કરી હતી.

બેઠક દરમિયાન, મંત્રીએ પ્રિનેટલ અને નવજાત સંભાળમાં દેશની પ્રગતિ, સંસ્થાકીય પ્રસૂતિમાં વધારો અને વૃદ્ધો માટે આરોગ્યસંભાળમાં વધારો કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે સૂચન કર્યું કે, વિશ્વસ્તરીય તબીબી સુવિધાઓ અને સસ્તી સારવાર ભારતને તબીબી પર્યટન માટે મુખ્ય સ્થળ બનાવે છે.

# ANUPRIYA- TB SUMMIT

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઇન્ડિયા ઇનોવેશન સમિટ - ટીબી નાબૂદ કરવા માટેના અગ્રણી ઉકેલોનું ઉદ્ઘાટન કર્યું.

આ સમિટનો ઉદ્દેશ્ય 2025 સુધીમાં ટીબી નાબૂદી તરફ ભારતની પ્રગતિને વેગ આપવાનો છે. સભાને સંબોધતા, તેમણે જણાવ્યું કે, ભારતે ટીબી નાબૂદ કરવા માટે બહુ-ક્ષેત્રીય, નવીનતા-સંચાલિત અભિગમ અપનાવ્યો છે. તેમણે ઉમેર્યું કે, ટીબીથી થતા મૃત્યુના કેસોમાં 21.4 ટકાનો ઘટાડો થયો છે, જે 2015માં પ્રતિ લાખ વસ્તી દીઠ 28 હતા, તે 2023 માં પ્રતિ લાખ વસ્તી દીઠ 22 થયા છે. નીતિ આયોગના સભ્ય ડૉ. વી. કે. પોલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, આ કાર્યક્રમ ટીબી નાબૂદીના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે નવીનતા-આધારિત પ્રયાસ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.